# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૨/ક્વા-૩/૧૯-૨૦/૧૨૭૩-૫૨** તા. ૨૮.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.**PG**- ૫૨/ક્વા-૩/૧૯-૨૦

**અરજદાર:** **આંબલીયા પાલાભાઈ સીદાભાઈ - ગામ - ખજુરીયા** **સબડીવીઝન** : વડત્રા
**રજૂઆત કરનાર:** **અરજદાર ગેરહાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી -**ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **આર.વી. સોમાણી** -પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૧૯-૦૨-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૨-૨૦૨૦ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર/ ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં. –૮૮૯૧૮/૦૦૧૬૧/૪ થી વીજજોડાણ ફીરથી ચાલુ કરવા અરજી કરેલ છે. અગાઉ એ.જી.પીડીસી રી–કનેકશન માટે એમનેસ્ટી યોજના અંતર્ગત તમામ દંડ અને બીલની રકમ ભરપાઈ કરી આપેલ છે. તેમ છતા, સદર બાબતે – વડત્રા પેટા વિભાગીય કચેરીમાં રજુઆત કરવા છતા – કોઈ કાર્યવાહી કરાયેલ ન હોવાથી -અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી પાલા સીદા આંબલીયા રે. ખજૂરીયા મુકામે સરવે નંબર ૫૧૬(જૂના૧૮૦) માં જોડાણ નંબર ૮૮૯૧૮.૦૦૧૬૧.૪ થી ૫ હો.પ. નૂ ખેતીવાડી વીજ જોડાણ આપેલ જે તારીખ ૧૮.૧૨.૧૯૯૩ ના રોજ કાયમી ધોરેણે (PDC) થયેલ. અરજદાર દ્વારા સદર જોડાણ પેટે બાકી રહેતી રકમ રૂ.૧૧૧૭૯.૨૩ જે તે સમયે અમલી અમ્નેસ્ટી સ્કીમ-૨૦૧૨ હેઠળ રૂ.૫૦૦૦/- તારીખ ૧૫.૧૦.૨૦૧૨ ના રોજ ભરપાઈ કરી સમાધાન કરેલ.**

3.૧ **અરજદાર દ્વારા રૂ ૨૦૦/ સસીદ નંબર ૧૩૪૮૩૧ તારીખ ૦૬.૦૧.૨૦૧૬ના રોજ PDCRC માટે નોંધણી કરેલ અને વર્તુળ કચેરી દ્વારા પત્ર નંબર JCR/G-3/AG-PDCRC/16/10674 તારીખ ૦૭.૧૨.૨૦૧૬ ના રોજ વર્તુળ કચેરી જામનગર દ્વારા મંજૂરી આપેલ તેમ છતાં સદર વીજ જોડાણ PDCRC ન થતાં વડત્રા કચેરી ના પત્ર નંબર વીએસડી/ટેક/૧૮૬૭ તારીખ ૧૭.૦૨.૨૦૨૦ મુજબ તારીખ ૦૩.૦૪.૨૦૧૯ ના રોજ ફરીથી PDCRC માટે નોંધણી કરવામાં આવેલ જેના એસ.આર. નંબર ૧૧૮૦૬૭૦૯ હતા તે જે ઇ-ઉર્જા માં લોન્ચ કરવામાં આવેલ પરંતુ સરવે નંબર માં ફેરફાર હોવાને લીધે વર્ક ફ્લો મંજૂર થયેલ નહીં. આથી નવા સરવે નંબર સાથે નવી એસ.આર. ૧૨૬૨૫૪૭૪ ફરીથી કરવામાં આવેલ જે તારીખ ૧૭.૦૨.૨૦૨૦ ના રોજ મંજૂર થતાં અરજદાર ને તારીખ ૧૭.૦૨.૨૦૨૦ ના રોજ રૂ. ૭૬૩૫ નું અંદાજપત્રક આપેલ છે. જે ભરપાઈ થયે આગળ ની કાર્યવાહી કરવાં આવસે. જુનિયર ઇજનેર વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા તારીખ ૧૦.૦૨.૨૦૨૦ ના રોજ કરવાં આવેલ સ્થળ રોજકામ આ સાથે સામેલ છે.**

## :: હુકમ::

૪.૦ ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી પાલા સીદા આંબલીયા રે. ખજૂરીયા મુકામે સરવે નંબર ૫૧૬(જૂના૧૮૦) માં જોડાણ નંબર ૮૮૯૧૮.૦૦૧૬૧.૪ થી ૫.૦હો.પા. નૂ ખેતીવાડી વીજ જોડાણ આપેલ જે તારીખ ૧૮.૧૨.૧૯૯૩ ના રોજ કાયમી ધોરેણે (PDC) થયેલ. અરજદાર દ્વારા સદર જોડાણ પેટે બાકી રહેતી રકમ રૂ.૧૧૧૭૯.૨૩ જે તે સમયે અમલી અમ્નેસ્ટી સ્કીમ-૨૦૧૨ હેઠળ રૂ.૫૦૦૦/- તારીખ ૧૫.૧૦.૨૦૧૨ ના રોજ ભરપાઈ કરી સમાધાન કરેલ.**

૪.૨ **ત્યારબાદ અરજદાર દ્વારા રૂ ૨૦૦/ સસીદ નંબર ૧૩૪૮૩૧ તારીખ ૦૬.૦૧.૨૦૧૬ના રોજ PDCRC માટે નોંધણી કરેલ અને વર્તુળ કચેરી દ્વારા પત્ર નંબર JCR/G-3/AG-PDCRC/16/10674 તારીખ ૦૭.૧૨.૨૦૧૬ ના રોજ વર્તુળ કચેરી જામનગર દ્વારા મંજૂરી આપેલ તેમ છતાં સામાવાળા દ્વારા સદર વીજ જોડાણ PDCRC કરવામાં આવેલ નથી.**

૪.3 **સામાવાળા દ્વારા તારીખ ૦૩.૦૪.૨૦૧૯ ના રોજ ફરીથી PDCRC માટે ઇ-ઉર્જા સીસ્ટમ માં નોંધણી કરવામાં આવેલ જેના એસ.આર. નંબર ૧૧૮૦૬૭૦૯ હતા પરંતુ સર્વે નંબર માં ફેરફાર હોવાને લીધે વર્ક ફ્લો મંજૂર થયેલ નહીં. આથી નવા સર્વે નંબર સાથે ઇ-ઉર્જા સીસ્ટમ માં નવી એસ.આર. ૧૨૬૨૫૪૭૪ ફરીથી કરવામાં આવેલ જે તારીખ ૧૭.૦૨.૨૦૨૦ ના રોજ મંજૂર થતાં અરજદાર ને તા.૧૭.૦૨.૨૦૨૦ ના રોજ રૂ. ૭૬૩૫ નું**

અંદાજપત્રક આપેલ છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની ફરીયાદનુ નિરાકરણ કરવામા આવેલ છે. વધુમાં અરજદાર દ્વારા સદર ભાવપત્રકની રકમ ભરપાઈ થયે નીયમાધીન વીજજોડાણ સમયમર્યાદામાં ચાલુ થાય તે માટે સામાવાળાને સૂચના આપવામાં આવે છે. તેમજ સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય તે માટે સમયાંતરે સદર પ્રકારના કેઈસોની સમીક્ષા કરવા સામાવાળાને સૂચિત કરવામાં આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| **(કે. જે. મોટાણી)** | **(જે.બી. પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯